


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1687/57

વર્ષઃ ૧૫૯ અંક : ૩ * * * સંવત ૨૦૭૭ ભાદરવો વદ છઠ, સોમવાર ૨૭ સપ્ટેમ્બર , ૨૦૨૧ * * * દૈનિક : ૮૫ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૪.૦૦

# 'ગુલાબ' વાવાઝોડું આંધ્ર-ઓડિશા કાંઠે ત્રાટક્યું: બેનાં મોત

**વાવાઝોડાની અસરથી** બંને રાજ્યોના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ, પૂરની સ્થિતિ સર્જાવાનો ભય: પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી શકે: નુકસાનીની પૂરી માહિતી બહાર આવતા સમય લાગશે



નવી દિલ્હી, તા.26 ચક્રવાત ગુલાબ આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો સુધી પહોંચી ગયું છે. એમ હવામાન કચેરીએ આજે સાંજે ટ્વિટ કર્યું હતું. ભારતીય હવામા ન વિભાગે (આઈએમડી) જણાવ્યું હતું કે, ચક્રવાત આગામી ત્રણ કલાકમાં આંધ્રપ્રદેશના કલિંગપટ્ટનમ અને ઓડિશાના ગોપાલપુર વચ્ચેના દરિયા કાંઠાને પાર કરશે. ત્યારબાદ આ વાવાઝોડુ ઓડિશાના અંદરના વિસ્તારો તરફ આગળ વધશે. આ

આ વાવા ઝોડું આજે સાંજના સુમારે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું તે પછી અનેક વિસ્તારોમાં સખત પવન ફૂંકાવાનો શરૂ થઈ ગયો હતો અને હવામાન વિભાગ દ્વારા આ પવનોની ઝડપ કલાકના ૯૦થી ૧૦૦ કિમી સુધી પહોંચવાનો અંદાજ મૂક્યો હતો. હવામાન વિભાગે ટ્વિટ કર્યું કે, વાદળોનો સમૂહ દરિયાકાંઠાના વિસ્તારો સુધી પહોંચી ગયો છે અને આ રીતે ઉત્તર તટીય આંધ્રપ્રદેશ અને નજીકના દક્ષિણ તટીય ઓડિશામાં લેન્ડફોલ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ સિસ્ટમ આગામી ત્રણ કલાકમાં કલિંગપટ્ટનમ અને ગોપાલપુરની વચ્ચે કલિંગપટ્ટનમથી આશરે 25 કિલોમીટર ઉત્તરમાં દરિયા કિનારો પાર કરશે.

ચક્રવાત ગુલાબ મે મહિનામાં આવેલ ચક્રવાત યાસ બાદ ચાર મહિનામાં ઓડિશાથી ટકરાનાર બીજું ચક્રવાત છે. આ અંગે મુખ્યમંત્રી નવીન પટનાયકે જણાવ્યું હતું કે, સાત ઉચ્ચ જોખમ ધરાવતા જિલ્લાઓ - ગંજામ, ગજપતિ, કંધમાલ, કોરાપુટ, રાયગાડા, નબરંગપુર અને મલકાનગિરીમાં ચક્રવાતને ધ્યાનમાં રાખીને કોઈ જાનહાનિ ન થાય તે માટે પ્રયાસો ચાલુ છે. આ વાવાઝોડાને કારણે જાનહાનિ કે ઈજાના આજે રાત્રિ સુધીમાં કોઈ અહેવાલ ન હતા, પરંતુ આંધ્રપ્રદેશના શ્રીકાકુલમના પાંચ માછીમારો લાપતા બન્યા હોવાના અહેવાલ હતા જેમાંથી બે માછીમારોના મોત થયા હોવાના અહેવાલ મોડી રાત્રે આવ્યા હતા. આ માછીમારો પરત ફરી રહ્યા હતા ત્યારે મંડાસા કાંઠા નજીક તેમની હોડી ઉંધી વળી ગઇ હતી. બે માછીમારો પરત આવી ગયા છે જ્યારે એક હજી લાપતા છે એમ અહેવાલો જણાવતા હતા. શ્રીકાકુલમના કલેક્ટર સુમિત કુમારે જણાવ્યું હતું કે, આગામી બે કલાક નિર્ણાયક છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે, 90-100 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. એનડીઆરએફની બે ટીમો અને એસડીઆરએફની 4 ટીમો અહીં આવી ગઈ છે. ભારે વરસાદના કારણે પૂર આવવાની શક્યતા છે. તેમજ જિલ્લાના 19 મંડળો પુરગ્રસ્ત છે જે બીજો પડકાર છે.

ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સની ઓછામાં ઓછી 42 ટીમો અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની 24 ટુકડીઓ, અગ્નિશામક દળોની 100થી વધુ ટીમોને આ સ્થળોએ મોકલવામાં આવી છે.

સ્પેશિયલ એડિશનલ રિલીફ કમિશનર પી કે જેનાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ લોકોને રવિવારે સાંજથી સોમવારે સવારે 10 વાગ્યા સુધી ઘરની અંદર રહેવા નિર્દેશ આપ્યો છે, તે દરમિયાન ચક્રવાત આ પ્રદેશમાંથી પસાર થશે.

આગામી ત્રણ દિવસમાં દરિયાની સ્થિતિ ખૂબ જ તોફાની બની જશે અને ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશના માછીમારોને પૂર્વ-મધ્ય અને નજીકના ઉત્તર-પૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં ન જવા કહેવામાં આવ્યું છે.



■ દુનિયામાં છેલ્લા દોઢ વર્ષમાં માસ્કનો વપરાશ એટલો બધો થયો છે અને ફેંકી દેવાયેલા માસ્કનો કચરો ઘણો બધો સર્જાયો છે. દુનિયામાં જાત જાતના કચરાની વચ્ચે આ માસ્કનો કચરો અણધારી રીતે ઉમેરાયો છે ત્યારે ગ્રીસના દરિયામાં લેવાયેલી આ તસવીર ઘણુ બધુ કહી જાય છે જેમાં એક જળઘોડાની પૂછડીમાં એક માસ્ક ભેરવાયેલું જોઇ શકાય છે.

## યુપીમાં ચૂંટણી પહેલા યોગી કેબિનેટનું વિસ્તરણ: જીતિન પ્રસાદ સહિત સાત મંત્રીઓ ઉમેરાયા

**ભાજપે ચૂંટણી** પહેલા જ્ઞાતિઓના સમીકરણો ગોઠવવા માંડ્યા, સાત નવા મંત્રીઓમાંથી ચાર ઓબીસી, બે દલિત અને એક બ્રાહ્મણ: કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા જિતિન પ્રસાદને કેબિનેટ મંત્રી બનાવાયા, બાકીના છ રાજ્ય કક્ષાના મંત્રીઓ



લખનૌ, તા.26 યુપીમાં લગભગ ચાર મહિના બાદ યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જિતિન પ્રસાદ સહિત સાત નેતાઓએ મંત્રી તરીકે શપથ લીધા હતા. જેમાં જિતિન પ્રસાદને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે, પલ્ટુ રામ, સંજીવ કુમાર, સંગીતા બિંદ, દિનેશ ખાતિક, ધરમવીર પ્રજાપતિ અને છત્રપાલ ગંગવાર રાજ્ય મંત્રી બન્યા છે.

તમામને રાજ્યપાલ આનંદીબેન પટેલે પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા.

આ સાથે જ સપા પ્રમુખ અખિલેશ યાદવે મંત્રીમંડળના વિસ્તરણ પર કહ્યું કે, ઉત્તરપ્રદેશની ભાજપ સરકારનું કેબિનેટ વિસ્તરણ પણ છેતરપિંડી છે. આજે, સાડા ચાર વર્ષ સુધી પોતાનો અધિકાર ગુમાવનારાઓને પ્રતિનિધિત્વ આપવા માટે એક નાટક રચવામાં આવી રહ્યું છે.

શપથગ્રહણ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને ડો.દિનેશ શર્મા સહિત ભાજપના ઘણા અધિકારીઓ અને મંત્રીઓ રાજભવનમાં હાજર રહ્યા હતા.

આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને

અનુસંધાન પાના ૨ પર ➲

## ત્રણ કૃષિ કાયદાઓ સામે આજે સંયુક્ત કિસાન મોર્ચાનું 'ભારત બંધ'નું એલાન

**બંધને ગુજરાત** કોંગ્રેસનો પણ ટેકો: દેશમાં વિવિધ સ્થળે દેખાવો યોજાશે, અમદાવાદના લાલ દરવાજા પાસે વિરોધ પ્રદર્શનનું આયોજન

નવી દિલ્હી, ગાંધીનગર,તા.26: કેન્દ્રની મોદી સરકાર દ્વારા રચવામાં આવેલા ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓના વિરોધમાં સંયુક્ત કિસાન મોરચા દ્વારા આવતીકાલે ૨૭ સપ્ટેમ્બરે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે, જેને કોંગ્રેસ સહિતના વિપક્ષોએ પણ ટેકો આપ્યો છે. ગુજરાત કોંગ્રેસે પણ આ બંધના એલાનને ટેકો જાહેર કર્યો છે.

સંયુક્ત કિસાન મોરચા દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને સફળ બનાવવા માટે વેપારીઓ અને વિવિધ ક્ષેત્રોના કર્મચારીઓને અપીલ કરવામાં આવી છે. આવશ્યક સેવાઓને આ બંધના એલાનમાંથી મુક્તિ આપવામાં આવી છે એમ સંગઠન તરફથી જણાવવામાં આવ્યું હતું. આ બંધને અનુલક્ષીને દેશમાં વિવિધ સ્થળે દેખાવોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, બીજી બાજુ, વિવિધ રાજ્ય સરકારોએ સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવી છે.

કૃષિ વિરોધી ત્રણ કાયદાઓ , વીજળી બિલ 2020 તથા નવી શિક્ષણ નીતિના વિરોધમાં આવતીકાલે સંયુક્ત કિસાન મોર્ચા દ્વારા આવતીકાલે ભારત બધનું એલાન આપવામાં આવ્યુ છે. જેના પગલે ગુજરાત કોંગ્રેસે પણ તેનો ટેકો જાહેર કર્યો છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કહયું હતું કે ખેડૂતોને સ્વેચ્છાએ બિનરાજકિ. રીતે જોડાવવા અપીલ છે. રાજયમાં બંધના એલાનની અવળી અસર ના થાય તે માટે પોલીસ દ્વારા સલામતીના સધન

અનુસંધાન પાના ૨ પર ➲

## પંજાબમાં નવા મંત્રીમંડળનું વિસ્તરણ: ૧૫ મંત્રીઓનો સમાવેશ, સાત નવા ચહેરા

**૨૦૧૮માં અમરિન્દરની** કેબિનેટમાંથી પડતા મૂકાયેલા રાણા ગુરજીત સિંઘને પાછા સમાવાયા: મંત્રીમંડળ રચનામાં નવજોત જૂથનો પ્રભાવ



ચંદીગઢ, તા. 26 (પીટીઆઈ): પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ રવિવારે પોતાનો પ્રથમ કેબિનેટ વિસ્તાર કર્યો હતો જેમાં 15 કેબિનેટ મંત્રીઓ ઉમેર્યા હતા જેમાં 7 નવા ચહેરાઓ સામેલ છે.

ચન્ની મંત્રાલયના નવા ચહેરાઓમાં રણદીપ સિંહ નાભા, રાજ કુમાર વર્કા, સંગત સિંહ ગિલઝિયાન, પરગટ સિંહ, અમરિન્દર સિંહ રાજા વાર્રીંગ અને ગુરકિરત સિંહ કોટલી સામેલ છે.

રાણા ગુરજીત સિંહે વર્ષ 2018માં અમરિન્દર સિંહ મંત્રાલયમાંથી રાજીનામુ આપ્યા બાદ નવા વિસ્તરણમાં વાપસી કરી છે.

પંજાબના રાજ્યપાલ બનવારીલાલ પુરોહીતે ધારાસભ્યોને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.

બ્રહ્મ મોહીન્દર,મનપ્રીત સંહ બાદલ, તૃપ્ત રાજિન્દર સિંહ બાજવા, અરૂણા ચૌધરી, સુખબિન્જર સિંહ સરકારિયા, રઝિયા સુલ્તાના, વિજય ઈન્જર સિંગલા અને ભારત ભૂષણ આષુ અગાઉની અમરિન્દર સિંહના નેતૃત્વવાળી કેબિનેટમાં હતાં તેઓ કેબિનેટ મંત્રી તરીકે ચાલુ રહ્યા હતા.

કોંગ્રેસના રાજ્ય એકમ અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુ સાથે સત્તાની લાંબી રસાકશી બાદ કોંગ્રેસના પીઢ નેતા અમરિન્દર સિંહની અવિધિસર વિદાઈ થઈ હતી ત્યારબાદ ચન્ની મુખ્યમંત્રી બન્યા હતાં.

રાણા ગુરજીત સિંહ, મહિન્દર અને સિંગલા અમિરન્દર સિંહની નજીકના માનવામાં આવે છે. કેબિનેટમાં મુખ્યમંત્રી સહિત 18 ધારાસભ્યોને સામેલ કરી શકાય છે. ચન્નીના બે નાયબ મુખ્યમંત્રી સુખજિન્દર સિંહ રંધાવા અને ઓ પી સોનીએ સોમવારે શપથ લીધાં હતાં,

કોંગ્રેસના અમુક નેતાઓએ રાણા

અનુસંધાન પાના ૨ પર ➲




| | આજનો | મોસમનો |
|---|---|---|
| **હવામાન** તા.૨૬-૦૯-૨૦૨૧નું સુરત શહેરનું | | |
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | ૧૨.૦૦ મીમી | ૧૩૯૬.૦૦ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૪૨.૫૧ ફૂટ | આઉટફ્લો ૩૪,૪૨૨ ક્યૂસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦૦ સે. | ૨૬.૦૦ સે. | ૮૨% |



## અમેરિકાના મોન્ટાનામાં ટ્રેન ઉથલી પડતા 3 નાં મોત

**અન્ય કેટલાક** લોકોને ઇજા: ટ્રેનના દસ ડબ્બામાંથી ૪ જેટલા ડબ્બાઓ ખડી પડ્યાં

જોપલીન (યુએસ), તા. 26 (એપી): ઉત્તર-મધ્ય મોન્ટાનામાં એક ટ્રેન પાટા પરથી ઉતરી જતાં ઓછામાં ઓછા 3 લોકોનાં મૃત્યુ થયાં હતાં, આ ટ્રેન સિએટલ અને શિકાગો વચ્ચે ચાલી રહી હતી, એમ વહીવટીતંત્રએ કહ્યું હતું.

એમટ્રેક રેલ કોર્પોરેશનના પ્રવક્તા જેસોન અબ્રામ્સે અકસ્માત અંગે માહીતી આપતા કહ્યું હતું, જોપલીન ગામ નજીક એમ્પાયર બિલ્ડર ટ્રેન સાંજે 4 વાગ્યાની આસપાસ પાટા પરથી ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં 3 લોકોનાં મૃત્યુ થયાં હતાં ઉપરાંત કેટલાંક લોકો ઈજાગ્રસ્ત

અનુસંધાન પાના ૨ પર ➲

## કાશ્મીરમાં ભાજપ નેતા વસીમ બારીની હત્યામાં સામેલ 2 ત્રાસવાદીઓ ઠાર મરાયા

**બાંદીપોરામાં સુરક્ષા** દળો સાથેની અથડામણમાં બંને ઠાર થયા: બંને લશ્કરે તૈયબાના સભ્યો હતા, ગયા વર્ષે ભાજપના સ્થાનિક નેતા અને તેમના બે કુટુંબીજનોની હત્યામાં શામેલ હતા



શ્રીનગર, તા. 26 (પીટીઆઈ): ગયા વર્ષે ભાજપ નેતા વસીમ બારી અને તેના પરિવારના બે સભ્યોની હત્યામાં સામેલ લશકર-એ-તૈયબાના (એલઈટી) 2 ત્રાસવાદીઓ રવિવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યા ગયા હતાં, એમ પોલીસે કહ્યું હતું.

એક પ્રવક્તાએ કહ્યું હતું, શનિવારે કાશ્મીરના બાંદીપોરાના વતરીના ગામમાં ત્રાસવાદીઓની હાજરીની માહિતી પોલીસને મળી હતી. ત્યારબાદ પોલીસ, 14 રાષ્ટ્રીય રાઈફલ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સે તે વિસ્તારને ઘેરીને શોધખોળ શરૂ કરી હતી.

રવિવારની સવારે છુપાયેલા ત્રાસવાદીઓ મળી આવ્યા હતા. છુપાયેલા ત્રાસવાદીઓને આત્મસમર્પણ કરવાની તક આપવામાં આવી હતી પણ તેમણે જવાબમાં સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો હતો. સુરક્ષા દળોએ ત્યારે વળતો હુમલો કર્યો હતો.

પ્રવક્તાએ વધુમાં કહ્યું હતું, એન્કાઉન્ટરમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતાં જેમની ઓળખ આઝાદ અહમદ શાહ અને આબિદ રાશીદ દાર ઉર્ફ હકાની તરીકે થઈ હતી. તેમની પાસેથી 2 એ કે-47 રાઈફલ, એક પિસ્તોલ સહિત હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો આ ઉપરાંત ઘટના સ્થળેથી ગુનાહીત

અનુસંધાન પાના ૨ પર ➲

## આગામી તહેવારોમાં સાવધાની રાખવા લોકોને મોદીની અપીલ

**મન કી બાતમાં** મોદીએ રસીના સુરક્ષા ચક્રમાંથી કોઇ બાકી નહીં રહી જાય તેની અપીલ કરી

નવી દિલ્હી, તા. 26: તહેવારોની સીઝન પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દેશવાસીઓને કોવિડ-19થી સુરક્ષા માટે સમસ્ત ઉપાયોનું પાલન કરવાનો આગ્રહ કર્યો હતો અને રસીકરણ ઝુંબેશમાં કોઈ છુટી ન જાય તેની ખાતરી કરવા કહ્યું હતું.

પોતાના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં વડા પ્રધાને કહ્યું હતું કે આવનારો સમય તહેવારોનો છે અને આખો દેશ અસત્ય પર મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના વિજયનો ઉત્સવ ઉજવવાનો છે પણ દેશવાસીઓએ વધુ એક યુદ્ધ વિશે પણ યાદ રાખવાનું છે અને તે છે કોરોના સામેની લડાઈ.

તેમણે કહ્યું હતું કે 'ટીમ ઈન્ડિયા આ લડાઈમાં રોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. રસીકરણમાં દેશમાં એવા રેકોર્ડ બનાવ્યા છે જેની ચર્ચા વિશ્વભરમાં થઈ રહી છે. દરેકે પોતાનો વારો આવવા પર રસી લગડાવવાની છે અને ધ્યાન રાખવાનું છે કે આ સુરક્ષા ચક્રથી કોઈ છુટી ન જાય.

મોદીએ પોતાના કાર્યક્રમમાં વિશ્વ નદી દિવસ પર ચર્ચા કરતા કહ્યું હતું જે નદીને માતાના રૂપમાં આપણે જાણીએ છીએ, જોઈએ છીએ, જીવીએ છીએ તે નદી પ્રત્યે આસ્થાની ભાવના ઉત્પન્ન થાય છે. તેમણે કહ્યું હતું કે આજકલ મને મળેલી ભેંટોની ઈ-હરાજી ચાલી રહી છે, આનાથી જે આવક થશે તે 'નમામિ ગંગે અભિયાન'ને જ સમર્પિત કરાશે. તેમણે ઉમેર્યું હતું, નદીઓની સફાઈ અને તેમને પ્રદૂષણથી મુક્ત કરવાનું કામ સૌના પ્રયાસ અને સહયોગથી જ

અનુસંધાન પાના ૨ પર ➲